# જિલ્લા સમાજ સુરક્ષા તંત્રએ વધુ એક બાળલગ્ન અટકાવ્યા

## માણસાના ચરાડા ગામમાં ૧૨ વર્ષની કન્યાના લગ્ન થવાના હતા !

ગાંધીનગર, તા. ૧૧

બાળલગ્નના દૂષણને ડામવા જિલ્લા સમાજ સુરક્ષા તંત્ર હરકતમાં આવ્યું છે. જેને અનુલક્ષી બાળલગ્ન પ્રતિબંધક અધિકારીએ માણસાના ચડાસણા ગામમાં સ્થળ તપાસ હાથ ધરી માત્ર ૧૨ વર્ષની કન્યાના લગ્ન થતા અટકાવ્યા હતા.

જિલ્લા સમાજ સુરક્ષા તંત્રના ઈન્ચાર્જ બાળલગ્ન પ્રતિબંધક અધિકારી બી.એમ. દેસાઈએ આ અંગે જણાવ્યા અનુસાર માણસા તાલુકાના ચડાસણા ગામની કન્યાના તા. ૧૨ મે ના રોજ મહેસાણા જિલ્લાના અતરામપુરા ગામ ખાતે લગ્ન થવાના હોવાની કંકોત્રી સાથે અરજી પ્રાપ્ત થઈ હતી. જેના સંદર્ભે તેમણે સ્ટાફ સાથે સ્થળ તપાસ હાથ ધરી કન્યાના માતા-પિતા પાસે તેણીના ઉંમર સંદર્ભે પુરાવા માંગતા કન્યાની વય માત્ર ૧૨ વર્ષ અને ૭ માસની હોવાનું માલુમ પડ્યું હતું. જેથી કન્યાના માતા-પિતાનુ લેખિત નિવેદન લઈ બાળલગ્ન પ્રતિબંધક અધિકારીએ તેમને નોટીસ આપી હતી. અને આ બાળલગ્ન થતા અટકાવ્યા હતા. આ અંગે તંત્રના અધિકારીએ માણસા પોલીસ સ્ટેશનને પણ બાળલગ્ન સંદર્ભે સમય-સ્થળની વિગતો આપી આ બાળલગ્ન ન થાય તે માટે પોલીસ પોઈન્ટ મુકીને તપાસ રાખવા પણ જણાવ્યું છે. જિલ્લામાં બાળલગ્નની બદીને ડામવા આવા કિસ્સામાં ત્વરિત જિલ્લા સમાજ સુરક્ષા તંત્ર અથવા પોલીસને જાણ કરવા પણ જણાવ્યું છે.

# સુઘડની પરિણિતાએ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

ગાંધીનગર, તા. ૧૧

જિલ્લાના સુઘડ ગામમાં રહેતી પરિણિતાએ આજે કોઈ કારણોસર પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવતા ચકચાર મચી જવા પામી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર જિલ્લાના સુઘડ ગામમાં હેતા ૩૨ વર્ષીય કોકીલાબેન પ્રદીપસિંહ ડાભીએ આજે સવારે પોતાના ઘરે કોઈ કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરતા ચકચાર મચી જવા પામી હતી. સૂત્રો પાસેથી પ્રાપ્ત થયેલી વિગત મુજબ મરનારના પતિ પ્રદીપસિંહ ખેતીકામ કરે છે જ્યારે ૧૧ વર્ષના લગ્નગાળા બાદ અચાનક પરિણિતાએ આ પગલુ ભર્યુ હોવાનું પણ ધ્યાને આવ્યું છે. આ અંગે સુઘડમાં રહેતા ગેલાજી ચાવડાએ ખબર આપતા પોલીસે સ્થળ પર પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. બનાવ સંદર્ભે અડાલજ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એમ. આર. કુવાડીયાએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જો કે પોલીસને બનાવ સંદર્ભે હજુ કોઈ કારણ જાણવા મળ્યું નથી.

# માહેશ્વરી યુવા સંગઠન દ્વારા સાદરા ખાતે ખેલકૂદ સ્પર્ધાનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૧૧

ખેલકુદ એ જીવનમાં શિસ્ત, સંયમ અને ખેલદીલીની ભાવના પેદા કરે છે, તેવું આજરોજ ગાંધીનગરના સાદરા ગામની ગુજરાત વિદ્યાપીઠ ખાતે માહેશ્વરી યુવા સંગઠન દ્વારા આયોજિત ત્રિદિવસીય અખિલ ગુજરાત માહેશ્વરી ખેલકુદ સ્પર્ધાના સ્વ શ્રી છેવાડાના ગામના ખેલાડીમાં પડેલી સુષ્પ્ત શક્તિઓ બહાર લાવવા માટે સમગ્ર રાજયમાં સ્વર્ણિમ ગુજરાત ઉજવણી વર્ષથી ખેલ મહાકુંભ શરૂ કર્યો છે. -થમ વર્ષે જ ખેલ મહાકુંભમાં રાજયભર માંથી ૧૩ લાખ ૪૧ હજાર ખેલાડીઓએ ભાગ લીધો હતો. દ્રિતીય વર્ષ ખેલ મહાકુંભમાં ૧૮ લાખ ૨૪ હજાર વોલીબોલની-૧૨ ટીમના ખેલાડીઓ તથા બેડમિન્ટન-કેરમના ૫૦-૫૦ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. ત્રિદિવસીય રમતોત્સવ સાથે સાથે મેડીકલ કેમ્પનું આયોજન કરવાના વિચારને બિરદાવ્યો હતો. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે રાજકારણીઓએ ખેલાડીઓ



ગોરધનલાલજી મુંદડા સ્મૃતિ કપ-૨૦૧૨ના ઉદ્‌ઘાટન સમારંભમાં રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક -વૃતિઓના મંત્રી શ્રી ફકીરભાઈ વાઘેલાએ જણાવ્યું હતું.

મંત્રી શ્રી ફકીરભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે, વિકાસશીલ ગુજરાતના સ્વપ્ન દષ્ટા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને ઔદ્યોગિક ક્ષેત્રે, કૃષિ ક્ષેત્રે નંબર વન બનાવ્યા બાદ ગુજરાત રમત ગમત ક્ષેત્રે પણ નંબર વન બને અને ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ ખેલ મહાકુંભ દ્વારા આજે ગુજરાતના ખેલાડીઓએ રાજય અને રાષ્ટ્રીય કક્ષાની રમતોમાં ૧૫૦ ચંદ્રક -ાપ્ત કર્યા છે. રમત ગમતના ખેલાડીઓને -ોત્સાહિત કરવા માટે રાજય સરકાર દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલ, એકલવ્ય જેવા વિવિધ એવોર્ડ આપવામાં આવે છે.

માહેશ્વરી યુવા સંગઠન દ્વારા ત્રિદિવસીય ખેલકુદ સ્પર્ધામાં ભાગ લેનાર ક્રિકેટની-૨૦ ટીમ, પાસેથી ખેલદિલીની ભાવના શીખવા જેવી બાબત છે.તેમજ સ્વામી વિવેકાનંદને યાદ કરીને કહ્યું હતું કે, તેમણે કહયું છે કે એક યુવાન પાસે એક કલાકનો સમય હોય ત્યારે ગીતાનું વાંચન કરવાની જગ્યાએ રમત ગમતના મેદાન પર રમવું જોઈએ.

શરૂઆતમાં યુવા સંગઠનના અધ્યક્ષ શ્રી મુકેશભાઈ કોઠારીએ યુવા સંગઠનના રસ-દ ઈતિહાસનો ચિતાર આપ્યો હતો.

## આજે આદર્શનગરમાં સુંદરકાંડના પાઠનું આયોજન

ગાંધીનગરના સેક્ટર-૨૪માં આવેલા આદર્શનગરના બ્લોક નં. ૫૬૭ ખાતે કન્હૈયાલાલ મહારાજની વ્યાસપીઠે અને જયેશભાઈ રાજવી પરિવાર દ્વારા સ્વ. વાલજીભાઈની સ્મૃતિમાં સુંદરકાંડના સંગીતમય કથા-પાઠ આજે ૧૨મી મે-૧૨ને શનિવારે રાત્રે ૮.૩૦ કલાકે નિયત સ્થળે યોજાશે.

## જલારામ સેવા સમાજ ગાંધીનગર દ્વારા ચોપડા, પાઠ્યપુસ્તકનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૧

શ્રી જલારામ સેવા સમાજ ગાંધીનગર તરફથી સભ્યશ્રીઓના ધોરણ-૧થી ૧૨ સુધી અભ્યાસ કરતાં સંતાનોને પુસ્તકો માટેની યોજના ચાલુ રાખેલ છે. તા. ૩૦ મે સુધીમાં જરૂરી ફોર્મ ભરી પહોંચતા કરવા જણાવેલ છે.

ચાલુ વર્ષે ધોરણ -૧ થી ૧૨ સ્નાતક-અનુસ્નાતક કક્ષાના ફાઈનલ વર્ષના વિદ્યાર્થીઓ માટે વિદ્યા પુરસ્કાર માટે તા. ૩૧ મી જુલાઈ પહેલાં માર્કશીટ મોકવાની રહેશે.

રાહતદરે નોટ- ચોપડાનું વેચાણનું આયોજન તા. ૧૫મી મેના રોજ શરૂ થનાર છે. વધુમાં વધુ એક ડઝન નોટબુક- ચોપડા મળશે. તો તેનો લાભ લેવા જણાવેલ છે.

## ગાંધીનગરમાં કોગ્રેંસ દ્વારા પ્રકાશિત પુસ્તિકાનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત પ્રદેશ કોગ્રેસ કમિટી દ્વારા ધોરણ-૧૨ પછી શું? એ પુસ્તક માર્ગદર્શીકાનું પ્રકાશન કરવામાં આવેલ છે. આ પુસ્તક ગાંધીનગરમાં મિનાક્ષી એન્ટપ્રાઈઝ, પ્લોટ નં. ૩૮૧,મિનાક્ષી પ્લાઝા પાસે, સેકટર-૧૬, ગાંધીનગરથી ઉપલબ્ધ થશે. આ પુસ્તિકા વહેલા તે પહેલાના ધોરણે વિતરણ કરવામાં આવનાર હોવાથી સત્વરે મેળવી લેવા વિનંતી છે.

## સેકટર-૨૧ જિલ્લા પુસ્તકાલયમાં જૂના સામાયિકોનું વેચાણ

ગાંધીનગર, તા. ૧૧

સેકટર-૨૧માં આવેલ સરકારી જિલ્લા પુસ્તકાલય સંસ્થા ખાતે તા. ૧૨ મેના રોજ વિવિધ ભાષાના જૂના સામાયિકો વેચાણમાં મુકવામાં આવનાર છે. જેનો સમય સવારના ૮.૦૦થી ૧૧.૩૦ સુધી સાંજે ૪.૦૦ થી ૬.૩૦ સુધી રાખવામાં આવેલ છે. જેનો લાભ લેવા વાંચકોને જાણ કરવામાં આવેલ છે.

# રમેશભાઈ પટેલને વિદેશ પ્રવાસ નિમિત્તે શુભકામના પાઠવતું ગાંધીનગર જિલ્લા તંત્રી પરિષદ

ગાંધીનગર, તા. ૧૧

'ગાંધીનગર જિલ્લા તંત્રી પરિષદ' દ્વારા સંસ્થાના ઉપપ્રમુખ તેમજ કેપિટલ ઓફસેટના માલિક કેપિટલ વર્તમાન દૈનિકના તંત્રી તેમજ અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા શ્રી રમેશભાઈ પટેલને વિદેશ યાત્રા નિમિત્તે શુભેચ્છા પ્રદાન કરવામાં આવી હતી. શ્રી રમેશભાઈ પટેલ વ્યવસાયિક ટુરના ભાગ રૂપે જર્મની ખાતે યોજાનાર પ્રિન્ટીંગ ફેરમાં ત્રણ દિવસ મુલાકાત લેનાર છે. જેમાં ટેકનોલોજીના વિવિધ પાસાઓનો અભ્યાસ કરીને તે ટેકનોલોજીનો ભારત અને ખાસ કરીને ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં કેવી રીતે લાભ મળી શકે તે વિશે ઉત્સાહી છે.



આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા તંત્રી પરિષદના હોદ્દેદારો, કારોબારી સદસ્યો તેમજ સભ્યો સર્વે શ્રી ભરતભાઈ કવિ, શ્રી લક્ષ્મણભાઈ પટેલ, શ્રી ગૌરાંગ પંડ્યા, શ્રી જીતુભાઈ સેજાણી, શ્રી ધર્મિષ્ઠાબેન શર્મા, શ્રી ભરતભાઈ પટેલ, શ્રી પાર્થ ઠક્કર, શ્રી જૈનુલ પટેલ, શ્રી પંકજ પટેલ ઉપસ્થિત રહી ભારતીય સંસ્કૃતિ તેમજ પાશ્ચાત્ય સંસ્કૃતિના સમન્વય થકી સાકળપડો તેમજ બુકે થકી શ્રી રમેશભાઈ પટેલની યાત્રા સુખદ તેમજ લોકહિતકારી બની રહે તેવી શુભેચ્છા પ્રદાન કરવામાં આવી હતી.

# પેથાપુરના મુસ્લિમ બિરાદરો ભાજપમાં જોડાતાં આવકાર



ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામે પેથાપુર શહેર સંગઠન ભાજપ દ્વારા પેથાપુર શહેરના બસો મુસ્લીમ ભાઈ-બહેનો ભાજપમાં જોડાતા તેમનો આવકાર અભિવાદનનો કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો.

ઉપરોકત કાર્યક્રમમાં મુસ્લીમભાઈ-બહેનોને આવકારવા જિલ્લા ભાજપ પ્રમુખશ્રી શકુંતલાબહેન, વકફ બોર્ડના ચેરમેન સૈયદ સાહેબ, ગાંધીનગરના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ખાદી બોર્ડના ચેરમેન વાડીભાઈ પટેલ વિગેરે મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા પેથાપુર ભાજપના અગ્રણીઓ સર્વશ્રી રણજીતસિંહ વાઘેલા, અસરસિંહ વાઘેલા, દિલીપસિંહ વાઘેલા, જીતેન્દ્રસિંહ વાઘેલા, રામસિંહ વાઘેલા, રાજેન્દ્રસિંહ વાઘેલા, લાલભાઈ પટેલ, મહેન્દ્રસિંહ વાઘેલા, પ્રજાપતિ ધ્રુજેટી તેમજ રામભાઈ પ્રજાપતિ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

# વૃદ્ધ મહિલાના પેટમાંથી સાડા ૬ કિલોની ગાંઠ નીકળી



ગાંધીનગર, તા. ૧૧

અંડાશયમાં ગાંઠ હોવાના કારણે છેલ્લા પાંચ વર્ષથી અસહ્ય દર્દથી કણસતી વૃદ્ધાનું આજે સિવિલમાં પેટનું ઓપરેશન હાથ ધરાયું હતું. સર્જન ડૉ. જયદીપ ગઢવીની ટીમે વૃદ્ધાના પેટમાંથી સાડા ૬ કિલોની વિશાળકાય ગાંઠ કાઢી ઓપરેશનને સફળ રીતે પાર પાડ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર ગાંધીનગર જિલ્લાના મગોડી ગામે રહેતા સવિતાબેન ઈશ્વરભાઈ વાઘેલા (ઉ.વ.૭૦)ને છેલ્લા પાંચ વર્ષથી પેટમાં અસહ્ય દુખાવો થતો હતો. ગાંધીનગર સિવિલના તબીબોની સારવારના અંતે તેમના પેટમાં અંડાશયની ગાંઠ હોવાનું માલુમ પડ્યું હતું. જે અન્વયે સિવિલ હોસ્પિટલમાં આજે સર્જન ડૉ. જયદીપ ગઢવીએ ઓપરેશન હાથ ધરી તેમના પેટમાંથી ૬૦ બાય ૨૩ સે.મી.ની સાડા ૬ કિલોની ગાંઢ બહાર કાઢી હતી.

વૃદ્ધાને દર્દમાંથી મુક્ત કરવા હાથ ધરાયેલ ઓપરેશનની ઉમદા કામગીરીમાં ડૉ. સુલભા ઓ.ટી., આસિસ્ટન્ટ મંત્રેશભાઈ તેમજ નર્સ પ્રવિણાબેને પણ જહેમત ઉઠાવી હતી. તબીબી સૂત્રોના જણાવ્યા મુજબ વૃદ્ધ મહિલાના પેટમાં ગાંઠ હોવાના લીધે ઘણા સમયથી તેમનું પેટ પણ ફૂલી ગયું હતું. જેના લીધે તેમને પેટનો અસહ્ય દુઃખાવો પણ રહેતો હતો.

# 'ભાઈ ! તારા મોઢામાં મને બ્રહ્માંડના દર્શન થાય છે'

સંબંધ સજાવે જિંદગી

**બલિહારી ગુરુ આપની**

- સ્વાતિબા રાઓલ

gsrelation@yahoo.com

શ્રી રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે, 'પ્રેમના બંધને બંધાયેલા લોકો એક થયેલા હોય ત્યાં સુધી ગમે તેવા ઝેરને પણ પચાવી શકે છે.' ચીમનભાઈ શુક્લના વડપણ હેઠળ સંસ્કૃતિના મજબૂત મૂળિયાંથી તેમનો પરિવાર રસાયેલો છે. છ દીકરીઓ અને એક દીકરાનો સંયુક્ત પરિવાર અને દરેક પોતાની રીતે વિદ્વાન. પિતાના સંસ્કારોમો અમૂલ્ય વારસો સાચવી રાખવા માટે અને આધ્યાત્મિક સુખ અને શાંતિનો અનુભવ કરવા માટે તેમની ત્રણ દીકરીઓ કુ. હિનાબેન શુક્લ, કુ. દક્ષાબેન શુક્લ અને કુ. ઉષાબેન શુક્લએ શિક્ષકના પવિત્ર વ્યવસાયને અપનાવ્યો અને સાંસારિક સુખને સંસારમાં જ રહી તિલાંજલી આપી.

આજે આપણે એ વિદૂષી બહેનોમાંના એક દક્ષાબેન શુક્લ



કે જેઓ બા શ્રી વસંતકુવરબા હાઈસ્કૂલમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષિકા છે. તેઓની વાત માંડીશું.

દક્ષાબેન શુક્લ પોતાના ગુરૂશ્રી કુમારપાળ દેસાઈને પોતાના પ્રેમાળ અને વિદ્યાર્થી પ્રિય સ્વાભાવના પ્રેરણા સ્રોત માને છે. પોતાના સ્મરણોની ડાયરીમાંથી દક્ષાબેન શ્રી દેસાઈ સાહેબ સાથેની પ્રથમ મુલાકાત યાદ કરે છે. જ્યારે તેઓ પી.એચડી. કરવા માટે 'ગુણવંતરાય આચાર્યનું વાઙમય' વિષય લઈને દેસાઈ સાહેબ પાસે ગયાં ત્યારે દેસાઈ સાહેબે આ વિષય કાગળ પર લખવાનું કહ્યું. બહેને જ્યારે સાચી જોડણી સાથે લખી બતાવ્યું ત્યારે દેસાઈ સાહેબ ખુશ થઈ તેમના ગાઈડ થવાનું કબૂલ કર્યુ હતું. એકવાર ચાલુ ક્લાસે બગાસુ ખાતાં વિદ્યાર્થીને જોઈને કુમાળપાળ દેસાઈએ તેને પ્રેમથી કહ્યું, 'ભાઈ ! તારા મોઢામાં મને બ્રહ્માંડના દર્શન થાય છે. !' આ પ્રેમાળ ટકોરથી શરમાયેલો વિદ્યાર્થી પછી ક્યારેય ચાલુ વર્ગમાં બગાસુ ન ખાઈ શક્યો. દક્ષાબેન કહે છે કે, 'મારા ગુરૂનો આજ ગુણ મેં પણ અપનાવ્યો છે. વિદ્યાર્થીઓને પ્રેમથી મર્મસ્પર્શી ટકોર દ્વાર જ શિસ્તમાં રાખવા. !' સાચે જ.. ! દક્ષાબેને તેમના દસ વર્ષના કાર્યકાળમાં ક્યારેય કઠોર કે કડવા શબ્દોનો ઉપયોગ કર્યો નથી. છતાંય તેમના વર્ગખંડમાં શાંતિ હોય છે કારણ કે, તેમનું વિષયવસ્તુ વૈવિધ્ય સભર અને વિદ્યતાસભર હોય છે.

૧૯૯૨માં જ્યારે વસંતકુંવરબા સ્કુલમાં ધોરણ-૧૨માં પહેલી બેચ હતી ત્યારે માત્ર આ એક જ ટીચરની ભરતી થઈ હતી. જે આર્ટસની વિદ્યાર્થીનીઓને ગુજરાતી, સમાજશાસ્ત્ર, તર્કશાસ્ત્ર જેવાં લગભગ બધાં વિષય ભણાવતા અને શિક્ષક તરીકેની તેમની નિષ્ઠા અને તત્પરતા એટલાં તે તર્કશાસ્ત્ર તેમનો વિષય ન હતો, તેમને ફાવતો પણ નહિ. છતાં પોતે તેનું ટ્યુશન રખાવ્યું. આગલા દિવસે 'ટીચર' પોતે જે ટ્યુશનમાં શીખે તે બીજા દિવસે શાળામાં વિદ્યાર્થીઓને શીખવે. આવા સમર્પિત ગુરૂના ચરણે આજીવન બેસવા મળે તોય જનમારો સિધ્ધ થઈ જાય. વસંતકુંવરબા સ્કુલની પ્રત્યેક વિદ્યાર્થીનીના હૃદયમાં આ ગુરૂ અવશ્ય પોતાનું આગવું સ્થાન ધરાવે છે અને ધરાવતાં રહેશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૫.૫૮

સૂર્યાસ્ત : ૦૭.૧૭

## તાપમાન

મહત્તમ : ૪૦.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૨૫ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** ઈશકઝાદે : ૧૨.૧૫, ૨.૪૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :** ઈશકઝાદે : ૧૦.૦૦

ડેનજર્સ ઈશ્ક : ૧૨.૩૦, ૩.૦૦, ૧૦.૩૦

ધ એવેન્જર (હિન્દી) : ૫.૩૦

જન્નત ૨ : ૮.૦૦

**સ્ક્રીન-૩ :** હાઉસ ફૂલ ૨ : ૧૦.૩૦, ૬.૪૫

ઈશકઝાદે : ૧.૩૦, ૪.૦૦

જન્નત -૨ : ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :** ડેનજર્સ ઈશ્ક : ૧૦.૦૦, ૫.૧૫, ૭.૪૫

જન્નત ૨ : ૧૨.૩૦, ૧૦.૧૫

ઈશકઝાદે : ૨.૪૫

વીકી ડોનર : ૩.૦૦

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** ડેનજર્સ ઈશ્ક ૩-ડી(હિન્દી) :૯.૪૫,૩.૦૦, ૫.૩૦

ધ એવેન્જર (હિન્દી) : ૧૨.૧૫, ૮.૦૦, ૧૦.૪૫

**સ્ક્રીન-૨ :** જન્નત -૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૧૫, ૬.૦૦

ધ રેડ રીડેમશન (હિન્દી) : ૮.૩૦

ડેનજર્સ ઈશ્ક : ૧૦.૩૦

**સ્ક્રીન-૩ :** ઈશકઝાદે :૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫

જન્નત -૨ : ૯.૩૦

**સ્ક્રીન-૪ :** ઈશકઝાદે :૯.૧૫, ૮.૦૦, ૧૦.૪૫

ડેનજર્સ ઈશ્ક : ૧૨.૦૦

ધ રેડ રીડેમશન (હિન્દી) : ૨.૪૫, ૫.૦૦

### સૂર્યા, વાવોલ

ડેનજર્સ ઈશ્ક : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

સાથી રે સાથ ના છૂટે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- ગાંધીનગર જિલ્લા આંગણવાડી કર્મચારી સંઘનું સંમેલન બપોરે ૨.૦૦ કલાકે

### ટાઉન હોલ

- રાત્રે ૯.૩૦ કલાકે, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના સહયોગથી 'મળેલા જીવ'નામક નાટક પ્રસ્તુત કરવામાં આવશે.

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ** : શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યમાં સમય પસાર થશે. વેપારક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. નોકરી- વ્યવસાયમાં ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા પ્રવાસનો યોગ.

**વૃષભ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તન થઈ શકે છે. સમયનો સદુઉપયોગ આકાંક્ષાઓની પૂર્તિ થતી જણાય. સ્વાધ્યાયમાં રુચિ વધશે. સામાજિક, માંગલિક કાર્યોમાં ભાગ લેશો.

**મિથુન** : કોર્ટ- કચેરીના કેસોમાં ઉકેલ આવતો જણાય. વિદ્યાર્થી પોતાના મહેનતથી આગળ વધશે. વ્યાપાર- વ્યવસાયમાં વૃદ્ધિના થઈ શકે છે. વાહન ચલાવતી વખતે સાવધાની રાખવી.

**કર્ક** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત મળી શકે છે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં સફળતા પ્રાપ્ત મેળવી શકશો.

**સિંહ** : ધાર્મિક કાર્યો તરફ તમારી આસ્થામાં વધારો થશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલ લાવવો હિતકારી રહેશે.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બને છે. પ્રેમ સંબંધોમાં સફળતા મેળવી શકશો. કુટુંબમાં શાંતિનું વાતાવરણ બની રહેશે. માન- સન્માન પ્રાપ્ત થશે.

**તુલા** : પદ- પ્રતિષ્ઠા સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વધારો થઈ શકે છે. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા પ્રવાસ થઈ શકે છે. કલાત્મક કાર્યમાં સફળતા મળી શકે છે.

**વૃશ્ચિક** : આર્થિક પ્રકરણોમાં વિશેષ અનુસંધાન થઈ શકે છે. કુટુંબમાં માંગલિક કાર્ય થઈ શકે છે. આવક કરતાં ખર્ચ વધી ન જાય તેની કાળજી રાખવી.

**ધન** : માનસિક ત્રાસદીથી બચવું. આવકના સ્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે.

**મકર** : તમારી વ્યવહાર કુશળતાથી વ્યાપારમાં લાભ મળવાની સંભાવના છે. નવી યોજનાઓ વિચાર વિર્મશ થઈ શકે છે. જીવનમાં નિરાશાનો આભાસ થતો જણાય.

**કુંભ** : નોકરીમાં અધિકારીઓથી વિવાદ થઈ શકે છે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્ર વિકસિત થશે. વ્યવસાયિક યાત્રા લાભપ્રદ બની રહે.

**મીન** : માંગલિક કાર્યની રૂપરેખા તૈયાર થઈ શકે છે. દૈનિક વ્યાપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે. વિવાદમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે.

## ચિરવિદાય

- સ્વ. સાંકળબેન રમણભાઈ પટેલ (ઉ. વ. ૭૦) મુ.પો. મુબારકપુર તા.કલોક, જિ. ગાંધીનગર
- સ્વ. વિનુબેન મુન્નાભાઈ દંતાણી (ઉ. વ. ૨૮) કાચા છાપરા, સેકટર-૪, ગાંધીનગર
- સ્વ. હસુમતીબેન લીલશંકર મહેતા (ઉ.વ.૬૨) પ્લોટ નં. ૪૯૪/૨, સેકટર-૭, ગાંધીનગર.
- સ્વ. ડાહીબેન કોદરજી ઠાકોર (ઉ.વ. ૬૦) ગામ - દેલવડા, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. પ્રવિણકુમાર નવીનચંદ્ર જોષી (ઉ.વ.૫૪) એમ-૨૧/૨૪૬, સહયોગ એપાર્ટમેન્ટ, સેકટર-૨૪, ગાંધીનગર.